RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 124 Date: 24.02.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## ભારતની વિકાસયાત્રાનો વર્તમાન કાલખંડ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહ્યો છે:વડાપ્રધાન



મહેસાણા,તા.૨૩

મહેસાણાના શિવધામ શ્રી વાળીનાથ અખાડા તરભ ખાતે નૂતન ભવ્ય મંદિરમાં મહાશિવલિંગની સ્થાપના અને સુવર્ણશિખર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દર્શન-પૂજન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૩,૬૦૧ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, ભારતની વિકાસયાત્રાનો વર્તમાન કાલખંડ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહ્યો છે. જય વાળીનાથ કહીંને હિંગળાજ માતાજી અને ભગવાન શ્રી દત્તાત્રેયની જય બોલાવીને વડાપ્રધાને વતનવાસીઓને કેમ છો? પૂછ્યું હતું. આજે વાળીનાથે વટ પાડી દીધો હો કહીંને તેમણે જણાવ્યું કે, પહેલાં પણ અનેકવાર વાળીનાથ આવ્યો છું, પણ આજે તો રોનક જ કંઈક ઓર છે. દુનિયામાં ગમે તેટલા સ્વાગત થતા હોય સન્માન થતા હોય પણ ઘરે જ્યારે થાયને ત્યારે આનંદ ઓર હોય છે. મોસાળમાં આવીએ ત્યારે આનંદ પણ અનેરો હોય.

આ પ્રોજેક્ટ રેલ, રોડ, પોર્ટ, ટ્રાન્સપોર્ટ, પાણી, રાષ્ટ્રીય સુરક્ષા, શહેરીવિકાસ, ટુરિઝમ જેવા અનેક મહત્ત્વપૂર્ણ કામોથી જોડાયેલા છે. એનાથી લોકોનું જીવન સરળ બનશે અને આ ક્ષેત્રના યુવાનોને રોજગાર અને સ્વરોજગારની નવી તકો મળશે. તેમણે કહ્યું કે, આપણાં આ મંદિર માત્ર દેવાલય નથી, ફક્ત પૂજાપાઠ કરવાનાં સ્થળ નથી, પણ એ આપણી હજારો વર્ષ પૂરાણી સંસ્કૃતિ-પરંપરાનાં પ્રતિક છે. આપણા ત્યાં મંદિર જ્ઞાન અને વિજ્ઞાનનાં કેન્દ્ર રહ્યાં છે. દેશ અને સમાજને અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જવાનાં માધ્યમ રહ્યાં છે. શિવધામ શ્રી વાળીનાથ અખાડાએ તો શિક્ષા અને સમાજસુધારની આ પવિત્ર પરંપરાને પૂરી નિષ્ઠાથી આગળ વધારી છે. મને યાદ છે પૂજ્ય બળદેવગીરી મહારાજ સાથે જ્યારે પણ વાત કરતો હતો, ત્યારે આધ્યાત્મિક કે મંદિરની વાતોથી વધુ તે સમાજના દીકરા-દીકરીઓના શિક્ષણની ચર્ચા કરતા હતા. આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી રહેલા સેંકડો વિદ્યાર્થીઓને રહેવા ખાવા અને લાયબ્રેરીની સુવિધા અપાઈ રહી છે. દેવકાજ અને દેશકાજનું આનાથી મોટું ઉદાહરણ બીજું કયું હોઈ શકે. આવી પરંપરાને આગળ વધારવા બદલ રબારી સમાજ પ્રસંશાને પાત્ર છે.

વડાપ્રધાને કહ્યું કે, હું આ પવિત્ર ધરતી પર એક દિવ્ય ઉર્જા મહેસુસ કરી રહ્યો છું. આ ઊર્જા હજારો વર્ષથી ચાલી આવેલી એ આધ્યાત્મિક ચેતનાથી અમને જોડે છે. જેનો સંબંધ ભગવાન કૃષ્ણથી છે અને મહાદેવજીથી પણ છે. આ ઊર્જા અમને એ યાત્રાથી પણ જોડે છે, જે પહેલા ગાદીપદી મહંત વિરમગીરી બાપુએ શરૂ કરી હતી, હું ગાદીપતિ પૂજ્ય જયરામગીરી બાપુને પણ આદરપૂર્વક પ્રણામ કરું છું, જેમણે ગાદીપતિ મહંત બળદેવગીરી બાપુના સંકલ્પને આગળ વધાર્યો અને એને સિદ્ધિ સુધી પહોંચાડ્યો. બળદેવગીરી બાપુ સાથે મારો લગભગ ત્રણ ચાર દાયકાથી ખૂબ ગાઢ સંબંધ રહ્યો છે. હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે ઘણીવાર મારા નિવાસસ્થાન પર એમના સ્વાગતનો અવસર મળ્યો, લાંબો સમય આધ્યાત્મિક ચેતના જગાવતા રહ્યા અને ૨૦૨૧માં આપણા બધાને છોડીને જતા રહ્યા ત્યારે પણ મે ફોન કરીને મારી ભાવનાઓ પ્રગટ કરી હતી. પરંતુ આજે એમના સપનાને સિદ્ધ થતું જોઈ રહ્યો છું ત્યારે મારી આત્મા કહે છે કે આજે એ જ્યાં હશે આ સિદ્ધિને જોઈને પ્રસન્ન થઈ રહ્યા હશે. નરેન્દ્રભાઈની વિકાસની આ ગેરંટીને જનતાજનાર્દન હૃદયથી આશીર્વાદ આપતી રહેશે તેવો મને વિશ્વાસ છે. આપણે સૌ સાથે મળીને નરેન્દ્રભાઈની પ્રેરણાથી વિકસીત ભારત ૨૦૪૭ના નિર્માણમાં વિકસીત ગુજરાત બનાવીને સહયોગ આપીશું તેવી ખાતરી વડાપ્રધાનને આપું છું.

વડાપ્રધાને જણાવ્યું કે, આજે દેશના દશ કરોડ નવા પરિવારોને નળ સે જલ મળવાનું શરૂ થયું છે. એ ગરીબ પરિવારો માટે કોઈ અમૃતથી કમ નથી, જેમને પહેલા પાણી મેળવવા માટે દૂર દૂર સુધી જવું પડતું હતું. આપણા ઉત્તર ગુજરાતવાળાઓને ખબર છે કે પાણી માટે કેટલી તકલીફો પડતી હતી, બે-ત્રણ કિલોમીટર માથે બેડાં લઈને જવું પડતું હતું. અને મને યાદ છે, વડાપ્રધાને સંયોગની વાત કરતાં કહ્યું કે, આજથી ઠીક એક મહિના પહેલાં ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રભુ રામના ચરણોમાં હતો, ત્યાં મને પ્રભુ રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઐતિહાસિક આયોજનમાં સામેલ થવાનું સૌભાગ્ય મળ્યું એના પછી ૧૪ ફેબ્રુઆરીએ વસંતપંચમીએ અબુધાબીમાં ખાડી દેશોના પ્રથમ હિન્દુ મંદિરના લોકાર્પણનો અવસર મળ્યો અને બે-ત્રણ દિવસ પહેલાં જ મને યુપીના સંબલમાં કલકીધામના શિલાન્યાસની પણ તક મળી. અને આજે મને અહીં તરભમાં આ ભવ્ય દિવ્ય મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા બાદ પૂજા કરવાનું સમારોહમાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

## આંદોલનકારી ખેડુતો પર રાષ્ટ્રીય સુરક્ષા ધારો ઉગામવા તૈયારી : સંપત્તિ જપ્ત કરાશે

નવીદિલ્હી,તા.૨૩

હરિયાણા-પંજાબ સરહદ પર છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ખેડુત આંદોલનમાં હવે કેન્દ્ર સરકાર એકશનમાં આવે તેવી તૈયારી છે. ખાસ કરીને હરિયાણા સરકાર દ્વારા આંદોલનકારી ખેડુતોને તાત્કાલીક હાઈવે ખાલી કરવા તથા જેસીબી સહિતના ભારે વાહનોને હટાવી લેવા માટે આદેશ આપવામાં આવ્યો છે અને આગામી એક બે દિવસમાં જો હાઈવે ખાલી ન થાય તો આંદોલનકારી ખેડુતો પર સરકાર આકરા પગલા પણ લેશે.સુત્રોના જણાવ્યા મુજબ સુપ્રિમ કોર્ટમાં મામલો પહોંચે તે પહેલા હાઈવે ખાલી કરાવવા માટે સરકારે તમામ તૈયારી કરી લીધી છે. આંદોલનકારી ખેડુતોની મિલ્કત જપ્ત કરવા અને બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરવા સુધીના પગલા લેવાશે. આ માટે ડેટાબેઝ પણ કેન્દ્રીય મંત્રાલય ગૃહ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. અને રાજયને તેનો અમલ કરવા માટે આદેશ અપાશે.

સુત્રોના જણાવ્યા મુજબ એક તરફ સંયુકત કિસાન મોરચા કે જેને ૨૦૨૦-૨૧માં ખેડુત આંદોલન કરીને સરકારને ત્રણ કૃષિ કાનુનો પાછા ખેંચવાની ફરજ પાડી હતી. આંદોલનમાં જોડાઈ તો ચૂંટણી સમયે જ વધુ મુશ્કેલ સર્જાય તેમ છે. સરકારે આંદોલનકારીઓ પર રાષ્ટ્રીય સુરક્ષા ધારા પણ ઉગામવાની તૈયારી કરી છે અને આ અંગેની એફઆઈઆર વગેરે મોડેલ બનાવીને પોલીસ સ્ટેશનોને પહોંચાડી દેવામાં આવ્યા છે.

સુત્રોના જણાવ્યા મુજબ અશ્રુવાયુ અને વોટરકેનન સહિતના ઉપાયો હવે કામ આવ્યા નથી. એક ખેડુતનું આંદોલન સમયે મૃત્યુ થતા સંવેદનશીલ સ્થિતિ ઉભી થઇ છે અને સરકાર ઈચ્છતી નથી કે આ સમગ્ર આંદોલન ઈમોશનલ સંદેશ બની જાય તે સરકારને ચૂંટણીમાં મુશ્કેલી પડી શકે છે. બીજી તરફ ખેડુત નેતાઓ પર અંબાલા પોલીસે રાષ્ટ્રીય સુરક્ષા ધારો અમલી બનાવવા જાહેરાત કરી છે.

## વિપક્ષના નેતાએ સત્તાધીશોને આડે હાથે લીધાઃનવું બજેટ માત્ર જૂના બજેટની કોપી છે, લોકોના નક્કર કામ થયાં નથી : કોંગ્રેસ

ગાંધીનગર મહાનગરપાલિકામાં બજેટ મંજૂર કરવા મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસના કોર્પોરેટર અને વિપક્ષના નેતા અંકિત બારોટે પાલિકાના સત્તાધિશોને આડેહાથે લીધા હતા. બારોટે આક્ષેપ કર્યો હતો કે બે વર્ષ અગાઉના બજેટમાં જે જોગવાઈઓ હતી તે કોપી કરીને ચાલું વર્ષનું બજેટ તૈયાર કર્યું છે. જનહિતના નક્કર કોઇ કામ કર્યા નથી. બારોટે જણાવ્યું હતું કે બે વર્ષ પહેલાના બજેટમાં જે કામો સૂચવ્યા હતા તે થઇ શક્યા નથી જેથી તેની જાહેરાત નવા બજેટમાં કરવામાં આવી છે. તે વખતે પણ ડિજિટલાઈઝેશનની વાત કરી હતી અને આ વખતે પણ એ જ વાત કરવામાં આવી છે.બારોટે બે



વર્ષ પહેલાના બજેટની બુક પણ રજૂ કરી હતી. બારોટે આક્ષેપ કર્યો કે બે વર્ષ પહેલા પણ સ્વછતા અભિયાન સઘન બનાવવાની વાત કરી હતી પણ તે પછી સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગરનો ક્રમ પાછો ઠેલાઈ ગયો છે. આ કાર્યક્રમ પાછળ પૈસાનો દૂરૂપયોગ થઇ રહ્યો છે તે સ્પષ્ટ દેખાય છે. મિશન મિલિયન ટ્રીના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરનારા સત્તાધિશોને એ પણ ખબર નથી કે કેટલા વૃક્ષો ઉગાડ્યા ને કેટલા કાપ્યા.બજેટમાં ગાંડા બાવળ કાપવા જોગવાઈ કરાઇ છે. પણ હકિકતમાં મહાનગરપાલિકા ભ્રષ્ટાચારરૂપી ગાંડા બાવળથી ઘેરાયેલી છે તેને દૂર કરવાની જરૂર છે. બિલ્ડરોના પ્લોટમાં સરકારી પૈસાથી ગાંડા બાવળ દૂર કરવા આ જોગવાઈ કરાઇ છે. નાના વેપારી, ઉદ્યોગકારો, સામાન્ય નાગરિકો પાસે બાકી ટેક્સની પઠાણી ઉઘરાણી કરાય છે પણ હેલિપેડ, સચિવાલય સહિતની સરકારી મિલકતોનો કરોડો રૂપિયાનો ટેક્સ બાકી છે તેની સામે કાર્યવાહી કેમ થતી નથી.

## જ્ઞાન સહાયકની કાયમી ભરતીની રજૂઆત કરે તે પહેલાં ટેટ અને ટાટ ઉમેદવારોની પોલીસે અટકાયત કરી

શાળાઓમાં જ્ઞાન સહાયકની કાયમી ભરતીની માંગણી સાથે ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ સચિવાલય ખાતે રજુઆત કરવા ઉપસ્થિત થયા હતા. જોકે ટેટ અને ટાટ પાસ ઉમેદવારો રજૂઆત કરે તે પહેલાં જ પોલીસે અટકાયત કરી લીધા હતા. જોકે જ્ઞાન સહાયકોની કાયમી ભરતી કરવાનો નિર્ણય નહી કરે ત્યાં સુધી અંતિમ શ્વાસ સુધી લડત આપવાનો ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ હુંકાર કર્યો છે. રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓને ભરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન



સહાયકની યોજના લાગુ કરી છે.જોકે જ્ઞાન સહાયકની ભરતી માટે ટેટ અને ટાટ પરીક્ષા પાસ કરેલા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે. જોકે ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ એવો આક્ષેપ કર્યો છે કે બે બે પરીક્ષા આપવા છતાં અમને કાયમીને બદલે કરાર આધારીત ભરતી કરવામાં આવે તે યોગ્ય નથી. તેને બદલે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા રાજયભરની સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી પડેલી જગ્યાએ જ્ઞાન સહાયકની કાયમી ભરતી કરવાની માંગણી કરી છે. ઉપરાંત હાલમાં કરવામાં આવી રહેલી જ્ઞાન સહાયકની કરાર આધારીત ભરતીને રદ કરવાની માગણી કરી છે.જોકે ટેટ અને ટાટ પાસ ઉમેદવારો છેલ્લા છ માસથી વધારે સમયથી જ્ઞાન સહાયકની ભરતીને લઈને વિરોધ કાર્યક્રમો આપી રહ્યા છે. ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સહિતને વીસેક વખત લેખિત જ્યારે અનેક વખત મૌખિક રજુઆત કરવામાં આવી છે.

## ભારતના ખેડૂત આંદોલનના પડઘા બ્રિટિશ સંસદમાં પડ્યા, શીખ સાંસદે ખેડૂતોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

લંડન,તા.૨૩

ભારતમાં નવેસરથી શરુ થયેલા ખેડૂત આંદોલનના પડઘા બ્રિટનની સંસદમાં પણ પડયા છે.આંદોલનકારી ખેડૂતો અને સરકાર વચ્ચેની વાટાઘાટો હજી સુધી સફળ થઈ નથી. તેમાં પણ બુધવારે એક યુવકનુ ગોળી વાગવાથી મોત થયુ હોવાના કારણે આંદોલન વધારે ભડકયુ છે. જોકે આ યુવકનુ મોત પોલીસ ફાયરિંગમાં થયુ હોવાનો પોલીસે ઈનકાર કર્યો છે.હવે ભારતના



ખેડૂત આંદોલનમાં બ્રિટિશ સાંસદો પણ ચંચૂપાત કરવા માંડ્યા છે. બ્રિટનમાં સિખ સાસંદ તનમનજીત સિંહ ઢેસીએ ખેડૂત આંદોલનમાં યુવકના મોતનો મુદ્દો બ્રિટનની સંસદમાં ઉઠાવ્યો હતો.

તેમણે કહ્યુ હતુ કે, શીખ સમુદાય અને સ્થાનિક ગુરુદ્વારા કમિટિઓએ આંદોલનમાં ખેડૂતોની સુરક્ષા પર ચિંતા વ્યક્ત કરીને મને પત્ર લખ્યો છે. એક આંદોલનકારીનુ પોલીસ ઘર્ષણ દરમિયાન મોત થયુ છે અને તેનુ મોત ગોળી વાગવાથી થયુ છે. પંજાબ સરકારે પણ આ વાતને સમર્થન આપ્યુ છે.

## ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાગરીતોએ કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને આપી જાનથી મારી નાખવાની ધમકી

અમદાવાદ,તા.૨૩

ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને અજાણ્યા શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નરોડા પોલીસ મથકે નોંધવામાં આવી છે. જેમાં તેમને આગામી પાંચમી જાન્યુઆરી સુધીમાં જાનથી મારી નાખવાનો કોલ અજાણ્યા લોકોએ કર્યો હતો. આ અંગે નરોડા પોલીસે તપાસ શરુ કરી છે. મળતી માહિતી



અનુસાર કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાગરિતો દ્વારા ધમકી આપવામાં આવી છે તેવી ફરીયાદ દાખલ કરવામાં આવી છે.રાષ્ટ્રીય કરણી સેનાના સંસ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને ગત ૧૮મી જાન્યુઆરીના રોજ કોઈ અજાણ્યા મોબાઈલ નંબર પરથી કોઈ ઓફિસમાં કોલ કરીને પાંચમી જાન્યુઆરી સુધીમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કરણી સેનાની વિઠ્ઠલપ્લાઝા હરિદર્શન પાસે આવેલી ઓફિસના નંબર પર સતત ધમકી મળી હતી. જે અંગે નરોડા પોલીસ મથકે તેમણે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

તંત્રી લેખ......

# ગૃહિણીઓના શ્રમનું મૂલ્ય

હાલમાં જ સુપ્રીમ કોર્ટે એક ટિપ્પણીમાં કહ્યું કે ગૃહિણીનું કામ વેતન ઘરે લાવનારી મહિલા કરતાં ઓછું નથી હોતું. પરિવારમાં ભલે તેના યોગદાનનું પૈસામાં આકલન નથી કરી શકાતું, પરંતુ પોતાના લોકોની દેખભાળ કરનારી આ ભૂમિકાનું વિશેષ મહત્ત્વ છે. ઉલ્લેખનીય છેકે ન્યાયાલયે ૨૦૦૬માં થયેલ વાહન દુર્ઘટનામાં વળતરની માંગ સાથે જોડાયેલ એક કેસની સુનાવણીમાં આ વાત કરી હતી. ઉત્તરાખંડમાં થયેલ આ દુર્ઘટનામાં મહિલાનું મોત થઈ ગયું હતું. મહિલા જે વાહનથી યાત્રા કરી રહી હતી તેનો વીમો નહિ હોવાને કારણે ટ્રિબ્યુનલે મહિલાના પરિવારને ૨.૫ લાખ રૂપિયાનું વળતર આપવાનો નિર્ણય કર્યો હતો. દુઃખદ પક્ષ એ રહ્યો કે મહિલાને મળનારી વીમાની રકમને ટ્રિબ્યુનલે ઓછી આંકી હતી. પરિવાર દ્વારા ટ્રિબ્યુનલના નિર્ણયને પડકાર આપતી અરજી ઉત્તરાખંડ હાઈકોર્ટમાં એમ કહીને રદ કરી દેવામાં આવી હતી કે મહિલા ગૃહિણી હતી, તેથી વળતર જીવન પ્રત્યાશા અને ન્યૂનતમ અનુમાનિત આવક પર નક્કી કરવામાં આવ્યું હતું. ધ્યાન રહે કે ટ્રિબ્યુનલે દુર્ઘટનામાં જીવ ગુમાવનારી ગૃહિણીની અનુમાનિત આવકને એક મજૂર કરતાં પણ ઓછી માની હતી.

મુશ્કેલી એ છેકે ઘર-પરિવાર સાથે જોડાયેલ જવાબદારીઓના વહનમાં જીવન ખપાવી દેનારી સ્ત્રીઓની ભૂમિકાને માન આપવાની માનસિકતા આજે પણ નથી દેખાતી. મૌદ્રિક આકલનને આધાર માનનારો સમાજ એ સમજવાનો પ્રયાસ નથી કરતો કે આ ભાગીદારી અણમોલ છે. બાળકોનો ઉછેર હોય કે બુઝુર્ગોની સારસંભાળ. સંબંધોને સીંચવાનું પાસું હોય કે પોતાના લોકોને ભાવનાત્મક આધાર આપવાનો પક્ષ. વેતન ચૂકવીને પણ આવી જવાબદારીઓ નિભાવવા કોઈ તૈયાર ન થાય. સામાન્ય રીતે ઉપેક્ષિત રહી જનારી આવી ગૃહિણીઓનું કામ વાસ્તવમાં આપણી પારિવારિક-સામાજિક વ્યવસ્થાનો આધાર છે, જેને કામકાજી મહિલાથી કોઈપણ રૂપે કમતર ન આંકી શકાય. ગૃહિણીની ભૂમિકાના વિસ્તૃત રીતે જોતાં કોર્ટે પ્રશ્ન કર્યો કે એક ગૃહિણીની આવકને કામકાજી વ્યક્તિની આવક કરતાં ઓછી કેવી રીતે માની શકાય? ન્યાયાલયે કમતર માનવાના દૃષ્ટિકોણને ઠુકરાવીને આ મામલે છ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કર્યો છે. ન્યાયાલયની આ ટિપ્પણી ગૃહિણીઓની ભૂમિકાને લઈને સમાજ અને પરિવારને ગંભીરતાથી ચેતવનારી છે. ગૃહિણીઓની બહુઆયામી ભૂમિકાને યોગ્ય રીતે સમજ્યા વિના તેના શ્રમશીલ વ્યક્તિત્વને માન નથી મળી શકતું. આ માનસિકતા સાથે ગૃહિણીઓને બીજાઓ પર નિર્ભર વ્યક્તિત્વ રૂપે જ જોવામાં આવશે. એવામાં આ નિર્ણય ઘરેલુ મહિલાઓની અવગણના અને ઉપેક્ષાના વર્તન પર સમગ્ર સમાજને સંવેદનશીલ બનવાનો સંદેશ આપે છે. ગૃહિણીઓનું કામ વાસ્તવમાં આપણી પારિવારિક-સામાજિક વ્યવસ્થાનો સબળ આધાર છે, જેને કામકાજી મહિલા કરતાં કમતર ન જ આંકી શકાય.

# વર્લ્ડ બૅંકના ચૂનંદા અધિકારીઓ સાથે આફ્રિકાના ૧૩ દેશનાં શિક્ષણ મંત્રીઓએ ગણપત યુનિવર્સિટીની જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ શાળાઓની મુલાકાત લીધી !



આફ્રિકન દેશોના ૧૩થી વધુ શિક્ષણ મંત્રીઓએ વર્લ્ડ બેન્કના ચૂનંદા અધિકારીઓની એક ટીમ સાથે તાજેતરમાં ગણપત યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લીધી હતી .મહેમાન મહાનુભાવોનો ઉદેશ યુનિવર્સિટીની જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ શાળાઓની શૈક્ષિક કામગીરીનું નિરીક્ષણ કરવાનો હતો.બંને શાળાનાં બાળકોએ મહેમાનોનું ફૂલો વડે ભાવભર્યું સ્વાગત કર્યું અને એમના મધુર - કોમળ કંઠે માં સરસ્વતીની પ્રાર્થના પણ ગાઈ સંભળાવી હતી . ગણપત યુનિવર્સિટીની જ્ઞાનશક્તિ શાળા અને રક્ષાશક્તિ શાળાના આચાર્યોએ બંને શાળાઓની શિક્ષણનીતિ વિષે અને અન્ય સુવિધાઓ વિષે એક માહિતીસભર પ્રેઝંટેશન પણ કર્યું હતું જેના દ્વારા એકેડેમિક એઈમ , ક્લાસ રૂમ્સ , લાઈબ્રેરી , વર્ચ્યુઅલ રીયાલિટી લેબ , વિવિધ રમત ગમતનાં મેદાનો , જિમ્નેશિયમ , ઓલિમ્પિક કક્ષાનો સ્વીમિંગ પૂલ , આર્ટ્સ એન્ડ મ્યુઝિક ક્લાસ રૂમ્સ , હોસ્ટલ્સ અને મેસ વગેરેની વૈવિધ્ય-સમૃધ્ધ માહિતી મહેમાનોને મળી હતી . ત્યારબાદ મહેમાનોએ વિવિધ શિક્ષક મિત્રો સાથે નાનાં નાનાં જૂથોમાં વહેંચાઈને બંને શાળાઓનું નિરીક્ષણ કર્યું હતું .

વર્લ્ડ બેન્કના સહયોગ અને પ્રોત્સાહન સાથે ગુજરાત સરકાર દ્વારા ચાલતા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ -× મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ ×-ના ભાગરૂપે ચાલતી ગણપત યુનિવર્સિટીની જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ સ્કૂલો જેવી રાજ્યની બીજી સ્કૂલોની પણ વર્લ્ડ બેન્કના પ્રતિનિધિઓ સાથે આફ્રિકાનાં ૧૩ જેટલાં દેશોનાં શિક્ષણ મંત્રીઓએ મુલાકાત લીધી હતી . આ મુલાકાતનો એક હેતુ એવો પણ હતો કે વર્લ્ડ બેન્કના સહયોગ સાથે આવો જ પ્રોજેક્ટ આફ્રિકાના વિવિધ દેશો માટે પણ શરૂ થઈ રહ્યો છે , જેમાં અહીંનું નિરીક્ષણ ઉપયોગી થઈ શકે છે.

# વાલમ બ્રાહ્મણ સમાજનું ગૌરવ



**વાલમ બ્રાહ્મણ સમાજના સુરેન્દ્રનગર રહેતા શ્રી મુકેશભાઈ રમણીકલાલ ઉપાધ્યાય ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ માં સંગઠન મંત્રી તરીકે બીનહરીફ નિમણૂંક થયેલ છે મુકેશભાઈ ઉપાધ્યાય ને અભીનંદન સાથે શુભેચ્છા પાઠવી એ છીએ**

# ગુજુ લેખકને ભારતરત્ન અને નોબેલ ન મળ્યાની કમી ગિરધરલાલ પૂરી કરશે??

શિયાળાની સવારમાં રજાઈ અને પથારીનો પરિત્યાગ કરવો એ મુશ્કેલ હી નહી નામુમકિન કામ હૈ! સવારમાં ઊઠવું એના કરતા સંસાર છોડવા ઈઝી ટાસ્ક છે. સવારમાં સૂરજ પણ આવું જ ફિલ કરતો હશે. રન્નાદે મા સૂરજનું ગોદડું ખેંચી શૌચકર્મ,દંતપ્રક્ષાલન કરાવી કઢિયેલ દૂગ્ધપાન કરાવી સીધા સાત અશ્વોના રથમાં ખદેડતા હશે! સૂરજ અને સારથિ બગાસા ખાતા ખાતા આકાશના ઉબડખાબડ રસ્તા પર પ્રકાશયાત્રા આરંભતા હશે .નીચે ચાની કીટલી મળી જાય તો કડકમીઠી ચાની ચુસ્કી મારી સ્ફૂર્તિ અને સામર્થ્ય પામવા ઈચ્છતા હશે!

સવાર સવારમાં ડાયનોસોર કે હીપોપોટેમસ સાઈઝના ઉપરાછાપરી બગાસા ખાઈ રહ્યો હતો. રાધારાણીના દિવાનખંડમાં પગલા પડે અને કોમળ સ્વરે ચા અને બ્રેડબટરને ન્યાય આપવા અનુનયસહ અનુરોધ કરે તેની ગીધ ડોળે પ્રતીક્ષા કરતો હતો.તમને એમ થશે કે કાકડોળે નહીં અને ગીધડોળે કેમ રાહ જોતો હોઈશ? ભાઈ ગિરધરલાલ ગીધ ડોળે રાહ ન જોવો તો રાજુડોળે રાહ જુએ એમ ઈચ્છો છો? એ કદાપિ નહીં બને!મારી ધીરજનો અંત આવતો ન હતો. વારંવાર મારી નજર રસોડા તરફ જતી હતી. રાધારાણીના પગલા અહીં થવાના, ગિરધરલાલને ખબર થઇ ગઇ છે ઝૂકાવી છે નજર ગિરધરલાલે, ચાની તલપ વધી છે!

રસોડામાંથી ડ્રોઈંગ રૂમ તરફ હાથણીની જેમ ઘબાઘબ પગલાંનો અવાજ સંભળાયો! રાધારાણીએ ડ્રોઈંગરૂમમા ચાના કપ અને નાસ્તાની પ્લેટને બગલે પુસ્તકોના થોથા સાથે પહોંચ્યા.થોથા ટીપોઈ પર પછાડયા. રાધારાણીએ પગ પછાડયા. મોં મચકોડ્યું. હાથ ઝાટક્યા

‘ વ્હોટ ઈઝ ધીસ? મેં પૂછયું. ચા-નાસ્તો કેમ આપ્યો નથી? આ ચોપડા પછાડવાનો શું અર્થ છે?’ મે અકળાઈને પૂછયું.

‘ગિરધરલાલ ચા-નાસ્તાની આશા રાખશો નહીં!’ અમારી ચા-નાસ્તાની ઈચ્છા પર રાધારાણીએ પાણીઢાળ કર્યુ.

‘ કેમ ?કેમ ?કેમ ? ચા ખલાસ થઈ ગઈ છે?દૂધ ખલાસ થઈ ગયું છે? ખાંડ નથી ? આદુ નથી? એલચી નથી?ગેસ બોટલ ખલાસ છે?’ મે અધીરાઈથી પૂછ્યું.

‘ગિરધરલાલ, ચા,ખાંડ, દૂધ,આદુ,એલચી, ગેસ બોટલ બધું જ છે. પરંતું, તમને ધરાર ચા નહીં મળે!’ રાધારાણીએ ફેંસલો સુનાવ્યો!

‘ ટીપોઈ પર થોથા કેમ પછાડયા?’ મેં પૂછ્યું.

‘ ગિરધરલાલ,તમે સાહિત્યના નામે ટાયલાવેડા કરો છો, જોડકણા લખો છો,કવિતાનું કમઠાણ ત્રીસ વરસથી કરો છો.આમદાની આઠન્ની ને ખર્ચા રૂપિયા ભૈયા કરો છો.લાખના બાર હજાર કરો છો. મોટાભાગની ચિપ ટાઈપની કવિતા તંત્રીના દરવાજેથી હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યોની જેમ પાછી ફરે છે. સોળ વરસના છોકરાની જેમ વલ્ગર ગઝલ, હઝલ, નજમ, લખો છો અને મોટો મીર માર્યો હોય તેમ પહોળા થઈને માતેલા સાંઢની જેમ ફરો છો. કવિતામાંા કોઈ ભઠિયો હોય છે?કોઈએ સેકટર રત્ન એવોર્ડ આપ્યો છે? આના કરતા કરિયાણાની દુકાને જુવાર તોલી હોત તો બે પૈસા કમાયા હોત!’ રાધારાણીએ મને સાબુ. પાવડર,વેનિસ વગર ધોઈ નાંખ્યો!

‘ રાધારાણી, બકબક કરી લીધું ? હવે મને કહો કે ભારત રત્ન કેટેગરીમાં ચોથા નંબરનું સન્માન પદ્મશ્રી છે.’ મેં પ્રસ્તાવના કહી.

‘ ગિરધરલાલ, મને ખબર છે. પદ્મશ્રી એનાયત કરાયા પછી પાંચ વરસે પદ્મભૂષણ અગર પદ્મવિભૂષણ આપવામાં આવે છે. એકસ્ટ્રા ઓર્ડિનરી સંજોગોમાં પાંચ વરસ ઘટાડી શકાય છે. પદ્મશ્રી એવોર્ડ ૧૯૫૪ માં શરૂ કરવામાં આવેલ છે. ૧૯૫૪ થી આજદિન સુધી વિવિધ કેટેગરીમાં ત્રણ હજાર ચારસો એકવીસ મહાનુભાવોને પદ્મશ્રી એનાયત કરાયેલ છે. પદ્મશ્રી પેટે મેડલિયન સિવાય રાષ્ટ્રપતિ દ્વારા સહી કરેલું પ્રમાણપત્ર મળે છે જે તેઓ જાહેર અને સરકારી સમારોહમાં પહેરી શકે છે. પદ્મ એવોર્ડ માત્ર એક સન્માન છે. આ પુરસ્કારો સાથે રેલવે / હવાઈ મુસાફરીમાં કોઈપણ રોકડ ભથ્થું અથવા છૂટછાટ વગેરેની સુવિધા લઈ શકાતી નથી. પુરષ્કાર કોઈ પદવી નથી અને તેને લેટરહેડ્સ, આમંત્રણ કાડ્ર્સ, પોસ્ટરો, પુસ્તકો વગેરે પર પુરષ્કાર વિજેતાના નામની આગળ પાછળ ઉલ્લેખ કરી શકાય નહીં, જો કોઈ દુરૂપયોગ થાય છે તો પુરસ્કાર એવોર્ડ જપ્ત પણ થઈ શકે છે.’ રાધારાણીએ એનસાઈકલોપિડીયાની જેમ માહિતી ધોધ વરસાવ્યો.

‘ રાધારાણી, ગુજરાતના ત્રીસ મહાનુભાવોનું શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે પદ્મશ્રી એવોર્ડથી સન્માન કરવામાં આવેલ છે. સૌથી પ્રથમ ૧૯૫૮ ની સાલમાં મગનલાલ ત્રિભુવન વ્યાસને પ્રથમ, કવિ દુલા ભાયા કાગને ૧૯૬૨ ની સાલમાં ગઠરિયા ગ્રંથોના રચયિતા ચંદ્રવદન ચીમનલાલ મહેતાને ૧૯૬૭ માં પદ્મશ્રી એવોર્ડ મળેલ છે.’ મે રાધારાણીને ગુજરાતી લેખકો શિક્ષણવિદને મળેલ પદ્મશ્રીની વિગતો આપી.

‘ ગિરધરલાલ કોઈ ગુજરાતી સાક્ષર કે સારસ્વતોને પદ્મભૂષણનું સન્માન મળેલ છે?’ રાધારાણીએ જિજ્ઞાસા જયોત સંકોરી.

‘ રાધુ, પાંચ ગુજરાતી સાહિત્યકાર-શિક્ષણકારોને પદ્મભૂષણ મળેલ છે. જેમાં સ્વામી સચ્ચિદાનંદ , ધીરૂભાઈ ઠાકર, કલ્યાણજી વિઠ્ઠલ મહેતા દલસુખ માલવણિયાનો સમાવેશ થાય છે. આ વરસે મૂર્ધન્ય સાહિત્યકાર રઘુવીર ચૌધરી અને બાળ સાહિત્યકાર હરીશ નાયકને મરણોત્તર પદ્મશ્રી એનાયત થનાર છે!’ મે વિગતો આપી.

‘ ગિરધરલાલ ,તમને કદી પદ્મશ્રી અગર પદ્મભૂષણ જેવા કોઈ ચંદ્રક ફદ્રક ક્યારે મળશે? ‘ રાધારાણીએ મારી દુખતી નસ પર હાથ દબાવ્યો.

‘ રાધારાણી તમને ખબર છે કે કોઈ ગુજરાતી લેખક- કવિને મળેલ નથી’ મે કહ્યું.

‘ યેસ, ઓફ કોર્સ.’ રાધારાણીનો ટૂંકો જવાબ આપ્યો.

‘ કોઈ ગુજુ કવિને નોબેલ એવોર્ડ મળેલ છે?’ મેં વધુ એક સવાલ પૂછયો.

‘ નોટ એટ ઓલ મિસ્ટર ગિરધરલાલ !’ રાધારાણી ઉવાચ.

‘ રાધારાણી તમારો ગિરધરલાલ હિસ્ટ્રી ક્રિએટ કરવાનો છે!’ મેં આંખમાં ચમક સાથે કહ્યું.

‘ કેવી રીતે , ગિરધરલાલ?’ રાધારાણીએ પૂછયું.

‘તમારા બેટરહાફ ગિરધરલાલ ભારત રત્ન અને નોબેલ મેળવશે!’ મેં મુંગેરીલાલની જેમ હસીન સ્વપ્ન આંખમાં આરોપિત કર્યુ!

વોટ એબાઉટ, રાધારાણી ?

ગિરધરલાલ રોકિંગ એન્ડ રાધારાણી શોકિંગ!

ભરત વૈષ્ણવ

# અનિલ મસીહ તેરા કયા હોગા રે?જનતા જનાર્દનની ગુહાર!

જોઈ લીધું?ન જોવાનો સવાલ જ નથી! પત્રકારિતાના નામ પર કલંક એવી ચેનલો ચોમાસામાં દેડકા ડ્રાંઉ ડ્રાંઉ કરે તેમ દાદુ ડંકારમ્ તડિયા તારમ્ જેમ ધમાધમ કરવા માંડી છે. કાચબાઓ રંગ ક્ષબદલવા માંડ્યા છે. કોઈના ટુકડા પર જીવતા ટુકડાજીવીઓ યોયો હનીસિંગના રેપ સોંગની જેમ ‘પાર્ટી અભી શરૂ હુઈ હૈ ‘એમ ભેંસાસુર રાગે કોરસમાં ગાઈ રહ્યા છે! દેશ ચલાવવાનું કામ એ ખાંડું એટલે કે ચલાવવા ચલાવવા જેવું કામ છે.દેશ પણ કેવો? પૂંછડે પકડો તો બાંડો અને શીંગડે પકડો તો ખાંડો!દેશ ચલાવવો એ પોપાબાઈ કે ભોપાભાઈનું કામ નથી! એમાં સામ,દામ, દંડ,ભેદ એવા બધા તિકડમ ચલાવવા પડે! તેમાં યુધિષ્ઠિર જેવા ઘર્મના ન બનાય? અમે દુર્યોધન પણ છીએ, દુશાસન પણ છીએ. અમે શકુનિ પણ છીએ. ઓફ કોર્સ ધૃતરાષ્ટ્ર પણ છીએ. અમે પાંડવોને બરબાદ કરીશું પણ . જવા દો એ કોન્સ્પરન્સી!

અમે ,બે હજાર ચોવીસની ચૂંટણીને જીતવા આયારામ ગયારામ પક્ષાંતરનો ઘોડો છૂટો મુકયો છે. કકળાટ કપૂરની સિરિયલોની જેમ દર એપિસોડમાં કોણ વિપક્ષની વાડ ઓળંગી વિકાસધારામાં મલિન થશે તેનું સસ્પેન્સ ક્રિએટ કરીએ છીએ.અમારે નૈતિકતાને શું લેવાદેવા? એ બધું જૂના નેતાઓનું આભૂષણ હતું. અમારે તો બધા પક્ષોના કાંગરા ખેરવવા છે, પરિવારવાદ ખતમ કરવો છે. જેને પરિવાર ન હોય તે પરિવારની કિંમત શું જાણે એમ કોણ બોલ્યું? મોટભાઈ એને યુક્રેન મોકલી દો! અમારું વૃંદાવન અમારા ,એમના અને અન્યના નેતાથી સાંકડું બની રહ્યું છે!મઢી સાંકડી અને સતાલોલુપ બાવા ઝાઝા જેવો ઘાટ થયે છે!

અમારે શુચિતા-કુચિતા સાથે ન્હાવા નિચોવવાનો સંબંધ નથી. અમે રેવડી વહેંચી, વિપક્ષ તોડી, નેતા ખરીદી,વિપક્ષી નેતા સામે સીબીઆઈ, ઈડી, ઈન્કમટેકસની અક્ષૌહિણી સેના શિકારી કૂતરાંની જેમ છોડી-ડરાવી-ધમકાવી દુનિયાના મોટા પક્ષને બ્રહ્માંડનો મોટો પક્ષ બનાવીએ છીએ! કોઈ બે મત લાવી આપે એવું લાગે તેને કોલ્ડ ડ્રિંકના ઢાંકણથી છોકરા લલચાવીએ તેમ એરાગૈરાને ભારત રત્ન પણ આપવા પચાસ હજાર પારિતોષિક બનાવવા ઓર્ડર કર્યો છે! બે હજાર ચોવીસ એ મહાભારત કરતાં પણ મોટો સંગ્રામ છે. જેમાં ઘમંડિયા વિપક્ષોનો બાહુબલી ફિલ્મમાં મહેન્દ્ર બાહુબલિ દુશ્મનોનો કચ્ચરઘાણ બોલાવે તેમ ખુરદો બોલાવવાની છીએ!

અમારી સામે બધા મગતરા સમાન માનવા અને ગણવા . તમે ઈલેકટોરલ બોન્ડ જેવી રિવર્સ રોબિનહૂડ સ્ટાઈલની રાજકીય ઉત્થાનની સ્કિમ રદ કરી દીધી એમાં જંગ જીત્યા હો તેવો હુડદંગ મચાવી દીધું ! નદીના મુખત્રિકોણ જેવું પાતળું અમારું ભંડોળ થઈ જશે?એ વાતમાં માલ નથી એટલે તાલ ઠોકવાની જરૂર નથી. સીઈસીની નિમણૂકમાં સીજેઆઈની વિકેટ ઉડાડી દીધી એટલે કોર્ટ એકશન રિએકશન આપે. એમાં ડરી જવાનું? હરગિજ નહીં?

અમને જનતા જનાર્દન બેલેટ મારફત જીતના આશિષ મત ન આપે તો અમારે હાથ જોડીને બેસવાનું? અરે, સાહેબ પ્રાણી જગતમાં કીડીને કણ અને હાથીને મણનો અલિખિત કાયદો છે. અમે સામવાળાનું પેટ અને ભૂખ જોઈને ભૂખોપચાર કરીએ છીએ!કૃષ્ણ ભગવાન અને અમારા પર સરખા આરોપ લાગે છે. માધવ માખણચોર અને અમે મતચોર! વાહ ભાઈ વાહ કયાં સિન હૈ? ઈતના છોટા પહેલે કભી નહીં થા!ભાઈ, પ્રજાને કમિશનવાદી, પરિવારવાદી ટુકડે ટુકડે ઘમંડિયા ગેંગથી બચાવવાનું કામ અમારી સિવાય કોણ કરી શકે? માનો કે, મતદારો અમને મત ન આપે, ભ્રમિત થઈને સામેની પાર્ટીને મત આપે એટલે મતદાર અમારા દુશ્મન થઈ જાય?ભ્રમિત, પંથચ્યુત, પથભૂલેલા મતદારનું ક્ષેમકુશળ જોવાની અમારી ફરજ છે કે નહીં?અમે પણ એલઆઈસી વેચી જાણી છે! અમારે લાંબુંલચ ભાષણ કરવું નથી. અમે ભાષણજીવી હોવાનો તમે આરોપ લગાવો છો. અમે કાયમ ઈલેકશન મોડમાં જીવતા રોબોટ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હોવાનો મનઘડંત આરોપ લગાવો છો?

અમે ચંદીગઢ કોર્પોરેશનના મેયરની ચૂંટણીની સ્ક્રિપ્ટ રોહિત શેટી, પ્રસુન જોશી, જાવેદ અખ્તર પાસે લખાવી હોય તેવું તમને મને કમને લાગતું હશે, ખરું કે નહીં?દેશમાં કેટલા શહેરોમાં મેયરની ચૂંટણી નિરસ,બીબાઢાળ, મોનોટોનસ સ્ટાઈલથી પૂરી થાય છે. કોઈને ખબર પડતી નથી અને કોઈને રસ હોતો નથી. પરસ્પરના દુશ્મન ઝાડુ અને પંજો મેયરની ચૂંટણીમાં કમળને કચડવાનો હીનતમ પ્રયાસ કરે છે! સંખ્યાબળ તેમના પક્ષે હતું તેનો ઈન્કાર નથી!એ સગવડીયા હનીમુનિયા કમળને કમજોર માનવાની ભૂલ કરી બેઠા!અનિલ મસીહ કેમેરા સામે કમળ કા મેયર બનાઉંગા તેરે ઝાડુ કે સામને તેરા ઘર બરબાદ કરૂંગા તેરે હી સામને એવું ગીત ગાતાં ગાતા આઠ બેલેટ રદ કરીને ઘમંડિયાની હવા કાઢી નાંખે છે! શાયદ તેરી બરબાદી કા ખ્યાલ આયા હૈ ઈસી લિઝ પાપાને મુજે રિર્ટનિંગ ઓફિસર બનાયા હૈ એ અનિલ મસીહનું ટોપ ટેન ગીત છે!

તમે એમ માનો છો કે સંખ્યાબળથી મેચ જીતી શકાય છે. પાકિસ્તાન હંમેશા પક્ષપાતી અમ્પાયરોની મદદથી જીતે છે તેવો તેમના કમજોર આરોપ છે! અમે પણ મસીહા નહી પણ મસીહ નામના ઉંટથી મેયરપદ હાંસિલ કરવાનો ગેમ પ્લાન ખેલ્યો. ઝાડુના મનસુબા પર ઝાડુ ફેરવી દીધું! પહેલા મસીહ ચૂંટણી ટાળવા બિમાર થઈ ગયો. પછી ચૂંટણી કરી ઝાડને મળેલ મતો ધરાર રદ કરી કમળને મેયરની ખુરશી પર ધરારબેસાડી દીધું . એમાં લોકશાહીની હત્યા થઈ એવું કેવી રીતે કહેવાય?હરખ હવે તું કમળવાદી. અમારી ગેમ સામે હાઈકોર્ટે સ્ટે ન આપ્યો! અમારા નવનિયુકત મેયરે નવાવસાનિત મેયર તરીકે નારાજીનામુ આપી સહાનુભૂતિ જીતી લીધી. અમે હારની બાજી જીતમાં ફેરવી તે એપેક્ષ અદાલતથી સહન ન થયું એપેક્ષ અદાલતે પ્રથમવાર એ પણ ડાયરેકટ મેયર જેવી ક્ષુલ્લક ચૂંટણીમાં હસ્તક્ષેપ કર્યો તેને અમૃતકાળ ક્યાંથી કહી શકાય? અમે અમારા મસીહને બચાવવા સોલિસીટર જનરલ નામનો હુકમનો એક્કો સરકારી ખર્ચે ઉતારી દીધો!એપેક્ષ કોર્ટ કોઈ ડખો કરે તો પહોંચી વળવા ઝાડુંમાંથી ત્રણ સળીઓ ચીપિયાથી ઉખેડી નાંખી! માનો કે ,મોટી અદાલતે ઝાડુના ઉમેદવારને મેયર તરીકે જીતેલ જાહેર કરી દીધો. વેલ ઐતિહાસિક ઈતેહાસિક ચુકાદો આપી દીધો. લોકશાહીના રક્ષક, સંરક્ષક, ચોકીદાર બની ગયા. ઠીક છે, મારા ભાઈ. ભાદરવાના ભીંડા જેમ વધો. પરંતુ વિશ્વવલ્લભના આભાર - નિહારીકા રવિયા તાપ સંતાપથી કયા સુધી બચશે?

ઈંડાના નસીબમાં તવા ફ્રાય કે આમલેટ થવાનું લખાવેલ હોય છે! બકરાની મા કયાં સુધી ખેર મનાવશે? બકરાએ એક દિવસ હલાલ કે ઝટકાથી કપાવવાનું જ છે તેમાં કોઈ મીનમેખ નથી!આ દેશમાં ઈલેકશન પિટિશન કોર્ટના કબાટમાં ગૂંગળાવાનું મુક્ત અને ઉજ્જવળ ભવિષ્ય ધરાવતી હોય છે! સંસદ કે વિધાનસભાની મુદત વીત્યા પછી,ઈલેકશન પિટિશન ટોઈલેટપેપર તરીકે ઉપયોગ થવાની ક્ષમતા ગુમાવી દે છે.

ઝાડું પક્ષના મેયર આજે મિઠાઈ આરોગી લે.,હરખના આંસુ વહાવી લે. ટેકેદારોને ભેટી લે.એ કેટલા દિવસ મેયર રહેશે તેનો ભવિષ્ય નિર્ણય કરશે. દર વખતે સુપ્રિમ કોર્ટ થોડી બચાવશે? અમારા શિકારી કૂતરા શિકાર કરવા બેકાબૂ અને બેતાબ છે!ઈમરજન્સી તોપના નાળચામાંથી પ્રગટ થતી હોય છે!હવે અમે અનિલ મસીહને તેના હાલ પર છોડી દઈશું. કેમ કે, ઘોડો લંગડો થઈ ગયો છે! તો પછી એક કારતૂસ કાર્ટુન પાછળ નકામી શુત્ર કામ બગાડવી ?

અબ તુમ્હારા સમય ખત્મ હોતા હૈ ડાઈન !

ભરત વૈષ્ણવ

( આ લેખ માત્ર હાસ્ય સર્જન માટે લખાયેલ છે. બંધબેસતી પાઘડી નપહેરવા વિનંતી છે.

# જમ્મુ અને કાશ્મીરમાં ભૂસ્ખલન, બરફના તોફાનમાં ૨નાં મોત

શ્રીનગર,તા.૨૩

જમ્મુ અને શ્રીનગરમાં ભૂસ્ખલન અને બરફના તોફાનથી એક રશિયન નાગરિક સહિત બે લોકોનાં મોત થયા હતાં. રાજ્યમાં બરફવર્ષાને કારણે ફસાયેલા આશરે ૮૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. બીજી તરફ હિમાચલપ્રદેશમાં ભારે બરફવર્ષા અને વરસાદને કારણે ઓછામાં ઓછા ૪૦૦ રસ્તાઓ બ્લોક થઈ ગયાં હતાં. સિક્કિમમાં અસાધારણ ભારે બરફવર્ષાથી વ્યૂહાત્મક માર્ગ બંધ થઈ ગયા હતા અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું.

રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થતાં હવામાન ખુશનુમા રહ્યું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી વધારે હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં ગુલમર્ગના બરફના તોફાનને પગલે એક રશિયન સ્કીયરનું મૃત્યુ થયું હતું, જ્યારે સ્થાનિક ગાઈડ સહિત બીજા સાત લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

સાત રશિયનોનું જૂથ અને એક સ્થાનિક ગાઈડ સાથે હિમપ્રપાતથી પ્રભાવિત આર્મી રિજ વિસ્તારમાં નોન-સ્કી ઝોનમાં પ્રવેશ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે સવારે ૮.૩૦ વાગ્યે રામબન જિલ્લાના સેરી નજીક કંપનીના હેડક્વાર્ટરની બહાર ભૂસ્ખલનથી એક શ્રમિકનું મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશનો વતની દેશપોલ નાસ્તો કરવા માટે કંપનીની મેસ તરફ જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.કાઝીગુંડમાં આર્મીના જવાનોએ ભૂસ્ખલન અને બરફના તોફાનને કારણે છેલ્લા ત્રણ દિવસથી જમ્મુ-કાશ્મીર હાઈવે પર ફસાયેલા ૮૦થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સ્ટાફને બચાવ્યા હતાં. બુધવારે ભારે બરફવર્ષા અને ભૂસ્ખલનને કારણે ઘણા મુસાફરો જમ્મુ-શ્રીનગર હાઈવે પર ફસાયા હતા, તેમાં રાજસ્થાનની લો કોલેજના ૭૪ વિદ્યાર્થીઓ અને સાત સ્ટાફ સભ્યો હતા. એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે બનિહાલને પાર કર્યા પછી અમારા વાહનની સામે માત્ર ૫૦૦ મીટરના અંતરે ભૂસ્ખલન થતાં અમે ગભરાઈ ગયા હતા. કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડતો એકમાત્ર ૨૭૦ કિલોમીટર લાંબો હાઈવેબનિહાલ નજીક કિશ્તવારી પાથેર ખાતે ભૂસ્ખલનને પગલે ચોથા દિવસે પણ બંધ રહ્યો હતો.

# ખેડૂત આંદોલનને લગતાં સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરવા આદેશ

નવીદિલ્હી,તા.૨૩

ગૃહ મંત્રાલય સૂચનાને પગલે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ખેડૂતોના આંદોલન સાથે જોડાયેલા ૧૭૭ એકાઉન્ટને અસ્થાયી રૂપે બ્લોક કરવાનો આદેશ આપ્યો છે. ગુરુવારે વહેલી સવારે એક્સ (ટ્વીટર)ની ગ્લોબલ ગવર્નમેન્ટ અફેર્સ પર લખવામાં આવેલી એક પોસ્ટમાં કંપનીએ આ પગલા સાથે અસંમતી દર્શાવીને જણાવ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના આધારે પોસ્ટને અટકાવી જોઈએ નહીં.જોકે તે ભારત સરકારના આદેશનું પાલન કરશે. આદેશોનું પાલન કરીને અમે એકલા ભારતમાં આ એકાઉન્ટ્સ અને પોસ્ટ્સને બ્લોક કરીશું. સરકારના આદેશ અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે જનતા જાણે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકશાહીની હત્યા કરી છે અને જનતા તેનો જવાબ આપશે. જો ખેડૂતો એમએસપી માંગે, તો તેમને ગોળી મારી દો - શું આ છે લોકશાહી? યુવાનો નોકરી માગે, તો તેમની વાત સાંભળવાનો પણ ઈનકાર કરો - શું આ લોકશાહી છે? જો ભૂતપૂર્વ રાજ્યપાલ સાચું કહે છે, તો તેમના ઘરે સીબીઆઈ મોકલવામાં આવે છે.

### પુ.ધ્યાનસ્વામી બાપા સમાધિસ્થાન સેંજળધામ ખાતે

# સમૂહલગ્ન,મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ધ્યાનસ્વામી બાપા એવોર્ડ એમ ત્રિવિધ કાર્યક્રમ આજે માઘપૂર્ણિમાના પુ.મોરારિબાપુની પાવન સન્નિધિમા સંપન્ન થયાં




પુ.ધ્યાનસ્વામી બાપા એવોર્ડ કાર્યક્રમમાં પ્રારંભમાં સૌ સંતોની ભાવવંદના કરવામાં આવી.સાવરકુંડલા તાલુકાના સાધુ સમાજના પરિચય ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું. સંચાલક શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ ધ્યાનસ્વામી બાપા એવોર્ડની શરૂઆત અને તેની ક્રમબદ્ધ રીતે આગળ વધેલી યાત્રા તથા પૂજ્ય મોરારિબાપુના હેતુઓને સ્પષ્ટ કરીને રજૂઆત કરી.શાબ્દિક સ્વાગત ધ્યાનસ્વામી બાપા ટ્રસ્ટના પ્રમુખ શ્રી તુલસીદાસબાપુ હરિયાણીએ કરી સૌ ઉપસ્થિત સંતો, મહંતો, મહામંડલેશ્વર, અને ભાવકોને આવકાર્યા હતાં.

પ્રતિ વર્ષ યોજાતો સને ૨૦૧૧ થી પ્રારંભ થયેલો ધ્યાનસ્વામી બાપા એવોર્ડ ચાલુ વર્ષે સંત શ્રી આપાગીગાની જગ્યા -સતાધારને અર્પણ કરવાનો આ રૂડો -દિવ્ય અવસર અનેક રીતે ધાર્મિકતાના શિરમોર એવા ઉત્સવ તરીકે ઉજવાયો. સતાધાર જગ્યાના મહંત શ્રી પૂજ્ય વિજયદાસ બાપુએ રૂપિયા સવા લાખની રાશિ અને પ્રશસ્તિપત્રની ભાવવંદના સ્વીકારી. આ એવોર્ડ વિવિધ જગ્યાઓમાં જ્યાં માનવસેવા, જીવસેવા થઈ રહી છે તેવી જગ્યાઓને આપવામાં આવે છે.ચાલુ વર્ષે આ એવોર્ડ સમારંભનો ૧૪ માં મણકો હતો.

અંશાવતાર દાન મહારાજ ચલાલાની જગ્યાના મહંત પૂજ્ય વલકુબાપુએ આ સમગ્ર ઉપક્રમને એક પ્રસાદ રૂપ ગણાવીને દેહાણ્ય જગ્યાની થતી આ વંદનાને ખૂબ આવકાર્ય ગણાવી. સાધુ સમાજના પ્રમુખ અને ચાપરડાંના મહંત શ્રી પૂજ્ય મુક્તાનંદ બાપુએ કહ્યું કે દેહાણ્ય જગ્યાઓ ભજન અને ભોજન અને એ સિવાયની અનેકવિધ માનવ સેવાની પ્રવૃત્તિ થઈ રહી છે તેને આવો અવસર દિવેલરૂપ ગણાવો જોઈએ.આ બધી જગ્યાઓમાં સમત્વભાવ છે અને તે ભાવે સૌના લોક હૃદયમાં પ્રભુ સ્મરણ પણ સ્થાપિત કર્યું છે. પુ. મોરારિબાપુએ આ પ્રસંગે સૌને સંબોધિત કરતાં કહ્યું કે આજે સતાધાર એટલે કે જ્યાં સતનો આધાર છે તેની ભાવ વંદના કરી શક્યા છીએ તેનો આનંદ છે.આવી જગ્યાઓ અનેક રીતે ગુરુ અને ગુરુ પદ બંનેની મહત્તા દર્શાવે છે જોકે ગુરુ કમજોર હોય શકે, ગુરુ પદ કમજોર ન હોય શકે. આ વંદના ધારણા, ધ્યાન, સમાધિનું પૂજન છે.બાપુએ સમાધિઓના ચેતન તત્વને ઉજાગર કરીને તેનું મહત્વ સ્થાપિત કર્યું. અને ધ્યાનસ્વામી બાપા સમાધિસ્થાન જે રીતે વિકસ્યું છે તેનો રાજીપો પણ વ્યક્ત કર્યો. આ જગ્યા અનેક રીતે પોતાને આકર્ષે છે તેવું ભાવ પુષ્પ સમર્પિત કર્યું.આ પ્રસંગે મંદિર પુનઃ નિર્માણ માટે શ્રી દેવાંગભાઈ સોમપુરાનુ સન્માન કરવામાં આવ્યું હતું.આજના આ એવોર્ડ સમારંભની સાથે સાથે ધ્યાનેશ્વર મહાદેવ,પૂજ્ય ધ્યાન સ્વામી બાપા સમાધિસ્થાનનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.સાથે સાથે સાધુ સમાજના સમૂહ લગ્નનું આયોજન પણ થયું.જેમાં સાધુ સમાજ ઉપરાંત સેંજળ ગામની કન્યાઓ સમેત કુલ ૪૪ દીકરીઓના સમૂહ લગ્ન યોજાઈ ગયાં. આ રીતે ત્રિવિધ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો.આજના દિવ્ય કાર્યક્રમમાં પુ.વલકુ બાપુ -ચલાલા,પુ.મુક્તાનંદબાપુ,પુ. શેરનાથ બાપુ-જુનાગઢ,પુ.જગજીવનદાસજી-કમિજળા જુનાગઢ દુર્ગાદાસ બાપુ -સાયલા,પુ. ઝીણારામ બાપુ સિહોર,પુ રામેશ્વર બાપુ હરિયાણી,પુ લાલદાસ બાપુ-લીબંડી તથા અનેક સંતો મહંતો તથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ કર્યું હતું.



# ધ કે.પી.ઇ.એસ.ઇંગ્લિશ સ્કુલ ,ભાવનગર

જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી , ભાવનગર દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત શાળાની દીકરીઓ માટેનો સેલ્ફ ડિફેન્સની તાલીમ માટેના કેમ્પનું ઉદ્ઘાટન કાર્યક્રમ માનનીયશ્રી એસ.પી.શ્રી ડો.હર્ષદ પટેલનાના અધ્યક્ષસ્થાને યોજાયો.કચેરીના અન્ય પોલીસ અધિકારીશ્રીઓ શ્રી ભરવાડ સાહેબ , શ્રી રાણા સાહેબ તથા ટ્રેનિંગ ઇન્ચાર્જ મયુરકુમાર ચૌહાણ પણ ઉપસ્થિત રહેલ.એસ.પી સાહેબે સેલ્ફ ડિફેન્સની અગત્યતા સમજાવેલ.આ કાર્યકમમાં એડમિસ્ટ્રેટર ટ્રસ્ટીશ્રી કે.પી.ઉન્નીક્રિષ્નન સર , પ્રાયમરી પ્રિન્સિપાલ મલ્લિકામેમ તથા સૌ સ્ટાફમિત્રો અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહેલ.કાર્યક્રમનું સંકલન અને સંચાલન શાળાના પી.ટી.ટીચર જિતેન્દ્ર પાટિલે કરેલ.

# અમદાવાદના ’જેલ ભજીયા હાઉસ’ને અપાશે નવો હેરિટેજ લુક



અમદાવાદના આર.ટી.ઓ ખાતે કેદીઓ દ્વારા ચલાવવામાં આવતા ‘જેલ ભજીયા હાઉસ‘ને નવો હેરિટેજ લુક આપવામાં આવશે. આર.ટી.ઓ સર્કલ ખાતે નવીનીકરણ થનાર અદ્યતન ત્રણ માળનું ‘જેલ ભજીયા હાઉસ‘ હેરિટેજ લુક સાથે નવા રંગરૂપમાં તૈયાર કરવામાં આવશે, જે આશરે ?૨.૪૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામશે.આ નવા ભજીયા હાઉસના ગ્રાઉન્ડ ફ્લોર પર સેલરૂમ અને કેદીઓ દ્વારા બનાવેલ ભજીયાનું વેચાણ કરવામાં આવશે. જ્યારે પહેલા માળ પર જેલના કેદીઓ દ્વારા ભોજન બનાવાશે, જેમાં સ્પેશિયલ ‘ગાંધી થાળી‘ લોકોમાં આકર્ષણનું નવું કેન્દ્ર બની રહેશે. બીજા માળ પર આઝાદીના સમયે સાબરમતી જેલમાં રહેલા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કસ્તુરબા, મહાદેવભાઈ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, લોકમાન્ય તિલક જેવા સ્વાતંત્ર્યસેનાનીઓએ જેલમાં વિતાવેલ સમયની ઝાંખી દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવશે.

### ગાંધીનગરમાં નિરંકારી મિશન દ્વારા “પ્રોજેક્ટ અમૃત” અંતર્ગત

# “સ્વચ્છ જલ, સ્વચ્છ મન” પરીયોજના અન્વયે રવિવારે જલ સ્થાનો ની સફાઈ કાર્યક્રમ યોજાશે




ગાંધીનગર સાબરમતી નદીએ સફાઈ કાર્યક્રમ યોજાશે. બાબા હરદેવસિંહજી મહારાજની પ્રેરણાદાયી શિક્ષાઓને અનુસરતા સંત નિરંકારી મિશન દ્વારા સ્વચ્છતા અભિયાનના ઉપલક્ષમાં સંસ્કૃતિ વિભાગ ભારત સરકારના સહયોગથી “પ્રોજેક્ટ અમૃત” ની શરૂઆત વર્ષ ૨૦૨૩ થી કરવામાં આવેલ. આ યોજના નો મુખ્ય હેતુ પાણી નિકાસના સ્થાનો જેવા કે તળાવો, કુવા, નદીઓ, ડેમ વગેરેની સ્વચ્છતા તથા જનતા માં “જાગૃતતા અભિયાન” ના માધ્યમ થી પ્રોત્સાહિત કરવા નો છે. સતગુરુ માતા સુધીક્ષાજી મહારાજ ના આશીર્વાદ તથા માર્ગદર્શન હેઠળ આ યોજના ના બીજા તબક્કા માં સમગ્ર ભારત દેશના ૨૭ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળી ૯૦૦ શહેરોના અલગ અલગ લગભગ ૧૫૦૦ સ્થળોએ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૪ રવિવારે સવારે આઠ કલાક થી સફાઈ અભિયાન શરૂ થશે. સતગુરૂ માતા સુધીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજી ના પવિત્ર સાનિધ્ય માં યમુના છઠ ઘાટ થી આ કાર્ય ની શરૂઆત થશે. દિલ્હીમાં આ અભિયાન ને “આવો સંવારે યમુના કિનારે” નું સૂત્ર આપવામાં આવ્યું છે. જેમાં નિરંકારી મિશન ના યુવાનો,કોલેજ ના વિદ્યાર્થીઓ પાસે જઈને પાણી જન્ય રોગો ની માહિતી આપી જાગૃતતા ફેલાવવા નું કાર્ય કરશે.ગાંધીનગર શહેર માં પણ સાબરમતી નદી કિનારે આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે આ અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય કરવામાં આવશે. જેમાં બહોળી સંખ્યામાં નિરંકારી ભક્તો અને નાગરિકો ભાગ લેશે. તેમ ગાંધીનગર સેક્ટર ૩૦ માં સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન માંથી કનૈયાલાલ દેવાણી ની યાદી જણાવે છે.

# આખરે નિયતિએ ટ્રિગર ખેંચ્યું...

★દક્ષિણ આફ્રિકા★ ની રાજધાની ★કેપ ટાઉન★ એ વિશ્વનું પ્રથમ પાણી વિનાનું શહેર જાહેર કરવામાં આવ્યું છે કારણ કે તેની સરકારે ★૧૪ એપ્રિલ, ૨૦૨૩★ પછી પાણી પુરું પાડવામાં અસમર્થતા દર્શાવી છે.

ત્યાં સ્નાન કરવાની મનાઈ છે.

૧૦ લાખ લોકોના કનેક્શન કાપી નાખવાની તૈયારીઓ ચાલી રહી છે.

જે રીતે ભારતમાં પેટ્રોલ પંપ પર જઈને પેટ્રોલ ખરીદવામાં આવે છે, તેવી જ રીતે કેપટાઉનમાં પણ પાણીના ટેન્કર હશે જ્યાં ૨૫ લીટર પાણી મળશે, વધુ પાણી માંગનારા કે પાણીની લૂંટ ચલાવનારાઓ સામે કાર્યવાહી કરવા પોલીસ અને સેનાના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે,

દુનિયાની આ દુઃખદ યાત્રા આખરે કોઈને પણ આવશે, માટે પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરો.

પાણીનો બગાડ કરવાનું બંધ કરો અમે પણ જોયું છે કે લાતુર (મહારાષ્ટ્ર)માં રેલ દ્વારા પાણી મોકલવામાં આવે છે.

★વિશ્વનું માત્ર ૨.૭% પાણી પીવાલાયક છે.★

★ગ્રુપ સભ્યોને અપીલ★ !!

નજીકના તમામ ડેમોમાં પાણીનું સ્તર ઘટવાથી ભૂગર્ભ જળ સ્તર ઊંડું થયું છે.

એક જવાબદાર નાગરિક તરીકે આપણે પાણીનો બગાડ અટકાવીને પાણીની બચત કરીશું. તમે સરળતાથી કરી શકો છો. :-

૧. ★રોજરોજ કાર/બાઈક ધોશો નહીં★.

૨. ★આંગણા / સીડી / માળ ધોવાનું ટાળો અથવા ધોવામાં ઓછામાં ઓછા પાણીનો ઉપયોગ કરો★.

૩.. ★ટેપને સતત ચાલુ ન રાખો.★.

૪. ★બીજા ઘણા સારા ઉપાયો કરીને પાણી બચાવો★.

૫. ★ઘરમાં લીક થયેલ નળને ઠીક કરો.★

૬. ★ઝાડના વાસણમાં ઓછામાં ઓછું પાણી નાખો.★

૭. ★રસ્તા પર પાણીનો છંટકાવ કરશો નહીં★

ચાલો સાથે મળીને આ સંકટનો સામનો કરીએ.

ઉપરોક્ત મેસેજ ૫ ગ્રુપમાં મોકલો.. આનાથી જાદુ જેવું કંઈ નહીં થાય, પરંતુ મહત્વપૂર્ણ સમાચાર ફેલાવવાનો સંતોષ ચોક્કસ મળશે અને આવનારા દુષ્કાળમાં પાણી બચાવવાનું પુણ્ય મળશે, ચાર તરસ્યા લોકોની તરસ છીપાશે. બુઝાઈ જશે અને આવનારી પેઢીને પણ પાણી મળશે. .

★એક સામાજિક ચળવળ★

# ભાજપ શાસનમાં કેનાલમાં વારંવાર ગાબડા પડવાના સમાચાર આવે છે અને સરકાર એવા બહાના કાઢે છે કે ઉંદર ના કારણે ગાબડા પડ્યા સાચુ હશે પણ આ ઉંદર ચાર પગ વાળા નહી બે પગ વાળા કમળ નો ખેસ પેહરનારા છે



સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખશ્રીના પદગ્રહણ સમારંભ પ્રસંગે ઉપસ્થિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો યુવા સાથીઓને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહીલ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર સાથે નાનપણ નો સબંધ છે તેઓ સુરેન્દ્રનગર માં એન ટીએમ હાઇસ્કુલ માં ભણેલા છે ભોગાવોનું પાણી પણ પીધેલુ છે અને ભોગાવોની રેતી માં રમેલા પણ છે તેમણે આ જીલ્લા સાથે જુનો સબંધ છે એટલે જ્યારે તેઓ નર્મદાવિભાગ ના મંત્રી હતા ત્યારે આ જીલ્લા ની પાણીની સમસ્યા પર વિશેષ મહેનત કરેલી એ સમયે જેટલો કમાંડ એરીયા નક્કી કરેલો તેનુ કામ આજ સુધી આ સરકારે પુરુ કર્યુ નથી આ વિસ્તાર એ મુખ્ય ખેતી આધારીત વિસ્તાર છે તેના માટે સીચાઈ નું પાણી ખુબ જરૂરી છે એ સમયે કેનાલની ડીઝાઈન એવી બનાવેલી કે ૩૦ વર્ષ સુધી તેને કશુ થાય નહી પણ ભાજપ શાસનમાં કેનાલમાં વારંવાર ગાબડા પડવાના સમાચાર આવે છે અને સરકાર એવા બહાના કાઢે છે કે ઉંદર ના કારણે ગાબડા પડ્યા સાચુ હશે પણ આ ઉંદર ચાર પગ વાળા નહી બે પગ વાળા કમળ નો ખેસ પેહરનારા છેટેક્ષટાઇલ પાર્ક વિશે પ્રધાનમંત્રી પોતે અહિં આવી ૨૦૦૭ થી વાયદાઓ કરે છે પણ કોઇ ટેક્ષટાઇલ પાર્ક બન્યુ નહી પણ જ્યારે કેન્દ્રસરકાર માં દરખાસ્ત મોકલવાની આવી ત્યારે ગુજરાત સરકારે સુરેન્દ્રનગરની દરખાસ્ત મોકલીજ નહી, દેશ આઝાદ થયો ત્યારે દેશમાં એક સોય પણ બની શક્તી નહોતી એના બદલે કોંગ્રેસ સરકારોએ સોયથી લઈ સેટેલાઈટ, તોપો બનાવાના કારખાના આ દેશ ને આપ્યા. આઇ.આઇ.એમ., આઇ.આઇ.ટી., જેવી શિક્ષણ સંસ્થાઓ આપી, આ સરકાર પ્રાથમીક શાળા માં ઓરડા પુરા પાડી શક્તી નથી કોંગ્રેસ ની સરકારોએ મોટા માટા ડેમ બનાવ્યા જ્યારે ભાજપની સરકારે બોરીબંધો બનાવ્યા સીમેંટની થેલીમાં રેતીભરી નાળા રોકી ફોટાપાડી આ બોરીઓ પાછી ટ્રેક્ટર માં ભરી બીજા નાળા પર ગોઠવી ફોટા પાડી અને બીલો બનાવી બનાવી ને રૂપીયા ખાવાનું કામ કર્યુ.

આદેશ માં જરૂર પુરતુ અનાજ પેદા થતુ નહોતુ અમેરીકાથી લાલ ઘઉં મંગાવામાં આવતા જે ત્યાંના જાનવરો માટે ઉગાડવામાં આવતા હતા તે ખાવાની ફરજ પડતી હતી. કોંગ્રેસ સરકારે હરીત ક્રાંતી કરી, દુધ ની શ્વેત ક્રાંતી કરી અને દેશ ને દરેક ક્ષેત્રમાં વૈશ્વીક કક્ષાએ પહોચાડવાનું કામ કર્યુ. સુરેન્દ્રનગર જીલ્લાના અગરીયાઓ ની હાલત વિશે ચીતા કરવાની જરૂર છે દુનીયા આખીને જે મીઠુ પુરુ પાડે છે, તેના જીવન માં મીઠાસ લાવવા માટે આપણે લડવુ પડશે કારણ કે આ સરકારે તેમનું જીવવુ મુશ્કેલ કરી નાખ્યુ છે મીઠુ પાકવાના સમયે પાણી ઘુસી જાય છે અને વડતર પણ કશુ અપાતુ નથી

આગામી લોકસભા માં સુરેન્દ્રનગરના લોકો એ પરીવર્તનની શરૂઆત કરવી પડશે આપણે બતાવી દેવુ પડશે કે લોકોને મુરખ સમજવાનું બંધ કરે ડૉ. મનમોહનસિંઘજીની સરકારે કપાસનો સૌથી વધુ ભાવ આપેલો તેના ૧૦-૧૧ વર્ષ પછી પણ કપાસ નો ભાવ ત્યાંનો ત્યા છે કપાસ ની ખેતી પર આધારીત આ જીલ્લા ના ખેડુતો એ જાગવુ પડશે અને પ્રશ્ન કરવો પડશે કે ૨૦૨૨ માં ખેડુત ની આવક બમણી કરવાનો વાયદો કર્યો હતો તેનું શું થયું ? આવક બમણી તો જવા દો અડધી થઇ ગઇ છે ખેડુતો ને મુરખ સમજે છે આ સરકાર માત્ર થોડીક ડુંગળી ની નીકાસ ની મંજુરી આપી ડુંગળી પકવતા બધા ખેડુતો ને સમજાવવા નીકળ્યા છે

ખેડુત હોય સ્ત્રીઓ બાળકો હોય આરોગ્ય હોય બધા તબક્કે નિષ્ફળ નીવડેલી સરકાર પોતાની નીષ્ફળતાઓ ઢાંકવા કરોડો રૂપીયા જાહેરાતો માં ખર્ચે છે માટે સમય આવી ગયો છે કે આપણે આપણો અવાજ બુલંદ કરીએ અને આ લોકસભામાં કોંગ્રેસને વિજય બનાવીયે જીલ્લાના લોકો ને કેવો અન્યાય સહન કરવો પડે છે કઇ રીતે તંત્ર એ અસંવેદનશીલ બનતુ જાય છે, યુવાન અને સક્રિય, શ્રી નૌષાદ સોલંકી વિધાનસભામાં હોય કે, કલેક્ટર કચેરીમાં તે લોકોનો અવાજ મુકવામાં સક્ષમ છે તે સૌ વાકેફ છે.

સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખશ્રીના પદગ્રહણ સમારંભ પ્રસંગે ઉપસ્થિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો યુવા સાથીઓને સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, શિક્ષણ દિવસે દિવસે મોંઘુ થતું જાય છે, આરોગ્ય સેવા કથળી ગઈ છે, કાયદો વ્યવસ્થા સ્થિતિ નાજુક છે. યુવાનોને રોજગાર મેળવવા ફાંફા પડી રહ્યા છે. દવા અને ડ્રગ્સના કારણે રાજ્યના યુવાનોની જીંદગી બરબાદ થઈ રહી છે. ભ્રષ્ટાચારે માજા મુકી છે. સરકારી ભરતી પરીક્ષામાં વારંવાર પેપર ફૂટવાની ઘટનાઓ થી રાજ્યના લાખો યુવાનો નિરાશા હતાશા સાથે આક્રોશ અનુભવી રહ્યાં છે. ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળતા નથી. ભાજપ સરકાર બરબાદ થઈ રહી છે. સુરેન્દ્રનગરની જનતાને પડતી મુશ્કેલી માટે વાચા આપવા કોંગ્રેસ પક્ષ પ્રતિબધ્ધ છે.

એ.આઈ.સી.સી.ના મંત્રી અને સૌરાષ્ટ્ર વિભાગના સંગઠન પ્રભારીશ્રી બી.એમ. સંદીપજી અને સેવાદળના રાષ્ટ્રિય ચેરમેનશ્રી લાલજીભાઇ દેસાઇ એ પ્રાસંગીક ઉદબોધન કરીને જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીની ભારતજોડો યાત્રા અને ન્યાય યાત્રા થી આમૂલ પરિવર્તન દેખાઈ રહ્યું છે. કોંગ્રેસના વિચારો લોકોના હૃદય સાથે જોડાયેલા છે નાના માણસ નો અવાજ એ કોંગ્રેસ છે નવ નીયુક્ત પ્રમુખને સાથ સહકાર આપીને ખભેખભા મીલાવીને સંગઠનને મજબુત કરી સુરેન્દ્રનગર જીલ્લાના અને સમગ્ર ગુજરાતના નાગરિકોને ન્યાય માટે લડત લડવાની છે.

સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ અને પૂર્વ ધારાસભ્યશ્રી નૌશાદ સોલંકીએ જુસ્સાભેર સંબોધન કરતા જણાવ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને દેશ બચાવવા - સંવિધાન બચાવવા માટે લડવાનું છે. ભાજપ સરકારમાં જનતાનો અવાજ સાંભળવામાં આવતો નથી ત્યારે આપણે સૌ સાથે મળીને સુરેન્દ્રનગર લોકસભાની બેઠકમાં કોંગ્રેસ પક્ષને વિજય બનાવવા માટે કામ કરીએ.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના નવનીયુક્ત પ્રમુખ નૌશાદ સોલંકી નો પદ ગ્રહણ સમારંભ પ્રસંગે ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, સંગઠન પ્રભારી ડૉ. દિનેશભાઈ પરમાર, ગુજરાત કોગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, જીલ્લા કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખશ્રી ભલજીભાઈ સોલંકી, ચોટીલાના પુર્વધારાસભ્ય અને પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ શ્રી રૂત્વીજભાઇ મકવાણા, સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખશ્રી ધર્મેન્દ્રસિંહ પરમાર, શ્રી કાંતિભાઈ ટમાલીયા, શ્રી હરેશભાઈ પાટડીયા, પ્રદેશ અગ્રણીશ્રી મહેશભાઈ રાજપુત અને વિવિધ હોદેદ્દારો, પૂર્વ પ્રમુખો અને વિવિધ સમાજનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સુરેન્દ્રનગર જીલ્લાના સંગઠન માટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.